GJSK190001762020

દાખલ તા.૦૨/૧૨/૨૦૨૦
રજી.તા.૦૨/૧૨/૨૦૨૦
નિકાલ તા. ૧૦/૦૪/૨૦૨૬
સમય: વર્ષ–૫ માસ–૪ દિવસ–૮

**મે. પ્રિન્સિપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પોશીના.**

**રે.દિ.મુ.નં.૦૪/૨૦૨૦**

આંક–

વાદીઓ :– (૧) ગમાર ગુજરીબેન અનાભાઇ, ઉ.વ.૫૦
(૨) ગમાર લેબરીબેન અનાભાઇ, ઉ.વ.૪૫
(૩) ગમાર વાદરીબેન (ભદીબેન) અનાભાઇ, ઉ.વ.૩૫
(૪) ગમાર મીરખાનભાઇ અનાભાઇ, ઉ.વ.૩૨
(૫) ગમાર સવજીભાઇ અનાભાઇ, ઉ.વ.૩૦
તમામ ધંધો–ખેતી, ધર્મ–હિન્દુ,
રહે.કોટડાગઢી, તા.પોશીના, જી.સાબરકાંઠા

વિરૂધ્ધ

પ્રતિવાદીઓ:–(૧) ગમાર શાંતિભાઇ ખલાભાઇ, ઉ.વ.૪૫
(૨) ગમાર ભમરૂભાઇ સાજુભાઇ, ઉ.વ.૩૫
(૩) ગમાર નાણીયાભાઇ લાડુભાઇ, ઉ.વ.૪૦
(૪) ગમાર રત્નાભાઇ પાબુભાઇ, ઉ.વ.૨૨
(૫) ગમાર કાળીયાભાઇ શાંતિભાઇ, ઉ.વ.૩૫
તમામ ધંધો–ખેતી, ધર્મ–હિન્દુ,
રહે.કોટડાગઢી, તા.પોશીના, જી.સાબરકાંઠા
હાલ રહે. ઉંબરીયા, તા.કોટડાછાવણી (રાજસ્થાન)

**દાવો :– રૂા.૩૦૦/– ના આંકથી કાયમી મનાઇહુકમ અને કબજો મેળવવા માટેનો...**

---

વાદીઓ તરફે વિ.વ.શ્રી બી.એસ. વાઘેલા

પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી આર.એચ.ત્રીવેદી

---

**:: ઠરાવ ::**

**(૧)** વાદીઓની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ કોટડાગઢી મુકામે રહે છે અને ખેતીનો ધંધો કરી ગુજરાન ચલાવે છે. ઉપરના તમામ પ્રતિવાદીઓ અમારા ગામના છે અને અમો તેઓને સારી રીતે ઓળખીએ છીએ. વાદીઓ મોજે કોટડાગઢી ગામની સીમમાં (૧) સર્વે નં.૧૦૧ હે.આરે.ચોમી. ૦–૦૩–૦૭ જે ઘરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૨) સર્વે નં.૧૦૪ હે.આરે.ચોમી. ૨–૫૦–૨૬ જે બાવળવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૩) સર્વે નં.૧૮૮ હે.આરે.ચોમી. ૦–૪૫–૭૭ જે ડેગરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૪) સર્વે નં.૨૨૪ હે.આરે.ચોમી. ૦–૪૧–૭૩ જે રસ્તાવાળું ખેતર તરીકે ઓળખાય છે. આમ કુલ ૩–૪૦–૮૩ હે.આરે.ચોમી. ખેતીની જમીન અમોને વારસાઇથી મળેલ છે અને અમારા બાપદાદાના વખતથી ધરાવીએ છીએ અને અમો વાદીઓ તે તમામ ઉપરોકત સર્વે નંબરોવાળા ખેતરોના માલીક છીએ અને રેવન્યુ રેકર્ડમાં પણ વાદીઓના નામ ચાલે છે અને વીગોટી પણ અમો ભરતા આવેલ છીએ. ઉપરોકત તમામ વાદીઓના નામ આ ઉપરોકત વાદગ્રસ્ત સર્વે નંબરોમાં ૭ અને ૧૨ ના ઉતારાઓમાં નામ ચાલે છે.

તમામ પ્રતિવાદીઓ એક જુથ, એકસંપ થઇ અમારા ઉપરોકત તમામ વાદગ્રસ્ત સર્વે નંબરોવાળા ખેતરોની અડધા ભાગની જમીન પડાવી લેવા કટીબધ્ધ બનેલા છે અને અમારા ઉપરોકત તમામ સર્વે નંબરોના અડધા ભાગના ખેતરોમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અમારા ઉપરોકત તમામ સર્વે નંબરો ૧૦૧, ૧૦૪, ૧૮૮ અને ૨૨૪ માં ઉપરના પ્રતિવાદીઓએ અડધી જમીન પડાવી લઇ કબજો કરેલ છે અને સર્વે નંબર ૧૦૧ માં ઘર બનાવી દીધા છે

અને તેમાં પ્રતિવાદીઓ રહે છે અને સર્વે નંબર ૧૦૧ માં આવેલ અમારો કૂવો પણ પડાવી લીધેલ છે અને તેની ઉપર કબજો કરેલ છે. આ જમીનો અમો વાદીઓની હોવા છતાં અમોને જતા આવતા રોકે છે અને કહે છે કે આ તમામ સર્વે નંબરોની અડધા ભાગની જમીન અમારી છે તેમાં તમારો કોઇ લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને આ અડધા ભાગના ખેતરોમાં પ્રવેશ કર્યો છે તો તમો તમામને જીવતા મારી નાખીશું તેવી ધમકીઓ આપે છે અને ગામ છોડીને જતા રહેજો તેવી પણ ધમકીઓ આપે છે.

ઉપરના તમામ પ્રતિવાદીઓ અમારા ઉપરોકત સર્વે નંબરોવાળા વાદગ્રસ્ત ખેતરોમાં અડધા ભાગની જમીન પડાવી લેવા કટીબધ્ધ બનેલા છે અને ચાલુ સાલે તમામ વાદીઓ અમારી ઉપરોકત તમામ સર્વે નંબરોવાળી જમીનમાં વારાફરતી ખેડ કરવા માટે જતા હતા ત્યારે તમામ પ્રતિવાદીઓ ભેગા મળી હાથમાં તીરકામઠા, ધારીયા, લાકડીઓ જેવા સાધનો લઇ અમો જે જમીનમાં ખેડ કરવા જઇએ ત્યાં પ્રતિવાદીઓ ભેગા મળી અમારા ખેતરમાં આવી અમોને પ્રવેશ કરતા અટકાવેલ અને બિભત્સ ગાળો બોલવા લાગેલા. અમોએ સમાજના આગેવાનો રૂબરૂ વાતચીત કરતા આગેવાનો પ્રતિવાદીઓ ભેગા ભળી જઇ અમોને સમાજની બહાર કરતાં આ બાબતે અમોએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ તા.૧૮/૧૦/૨૦૨૦ ના રોજ કરેલ છે. ત્યાર બાદ વાદીઓની વાદગ્રસ્ત અડધા ભાગની ખેતીની જમીનમાં આ કામના તમામા પ્રતિવાદીઓએ પ્રવેશ કરી સદર જમીનમાં વાવેતર કરેલ છે તથા હાલ સદર જમીનનો કબજો આ કામના પ્રતિવાદીઓએ પડાવી લીધો છે અને આ તમામ પ્રતિવાદીઓ અમારી આ માલીકીની જમીનમાં પ્રવેશ કરવા દેતા નથી. આ કામના પ્રતિવાદીઓને સમજાવતા તેઓ માનેલા નહી તેથી અમોને ગામના આગેવાનો અને કુટુંબીજનોને ભેગા કરી આ કામના પ્રતિવાદીઓને સમજાવવાનો પ્રયત્ન કરેલો પણ પ્રતિવાદીઓ કહેતા હતા કે આ તમામ જમીન અમારી છે અને તેમાં તમારા લોકોનો કોઇ લાગભાગ, હકક, હીત, હિસ્સો નથી અને આ પ્રતિવાદીઓ જુથબળવાળા અને ઝનૂની હોઇ અને કહે તેવુ કરે તેવા હોઇ આખા ગામને તથા આગેવાનોને તેમના પક્ષમાં લઇ અમોને સમાજ બહાર મુકેલ છે અને અમારા ઉપરોકત

તમામ સર્વે નંબરોમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બળજબરીપૂર્વક અડધોઅડધ જમીનનો અમારો કબજો પડાવી લીધેલ છે અને તમારાથી થાચ તે કરી લેજો અમો પોલીસ કે કોર્ટથી ડરતા નથી અને આ અડધા ભાગના ખેતરો તમોને કયારેય પાછા નહી મળે અને તે સર્વે નંબર ૧૦૧, ૧૦૪, ૧૮૮ અને ૨૨૪ ના અડધ ભાગના ખેતરોમાં કબજો પણ અમારો છે તેવું કહેતા નાછુટકે અમો વાદીઓએ આપ નામ. કોર્ટમાં દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે. વાદગ્રસ્ત ખેતીની જમીનની ચર્તુસીમા નીચે મુજબ છે.

**૧) સર્વે નંબર ૧૦૧ ઘરવાળું ખેતર :–**

ઉત્તરે : શેના હોનાનું ખેતર આવેલ છે.
દક્ષીણે : પાકો ડામર રોડ આવેલ છે.
પૂર્વે : તળાવ આવેલ છે.
પશ્ચીમે : બધા કીરા ગમારનું ખેતર આવેલ છે.

**૨) સર્વે નંબર ૧૦૪ બાવળવાળું ખેતર :–**

ઉત્તરે : પાકો ડામર રોડ આવેલ છે.
દક્ષીણે : મણા નાથાનું ખેતર આવેલ છે.
પૂર્વે : લકુમડા હુરા રામાનું ખેતર આવેલ છે.
પશ્ચીમે : હાસા ધીરાનું ખેતર આવેલ છે.

**૩) સર્વે નંબર ૧૮૮ બાવળવાળું ખેતર :–**

ઉત્તરે : જોગા હીરાનું ખેતર આવેલ છે.
દક્ષીણે : બાબુ ગલજીનું ખેતર આવેલ છે.
પૂર્વે : લુબા કેહરાનું ખેતર આવેલ છે.
પશ્ચીમે : ગલજી ધુળાનું ખેતર આવેલ છે.

**૪) સર્વે નંબર ૨૨૪ બાવળવાળું ખેતર :–**

ઉત્તરે : પાકો રસ્તો આવેલ છે.
દક્ષીણે : કરણા ખેમાનું ખેતર આવેલ છે.
પૂર્વે : બધા કીરાનું ખેતર આવેલ છે.
પશ્ચીમે : રૂપા પુનમાનું ખેતર આવેલ છે.

વાદીઓએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં તા.૧૮/૧૦/૨૦૨૦ ના રોજ ફરીયાદ આપેલ હોવા છતાં પણ આ કામના પ્રતિવાદીઓ ઉપરોકત તમામ વાદગ્રસ્ત જમીનોના અડધા ભાગની જમીનોના કબજાઓ છોડતા નથી અને ગેરકાયદેસર પ્રવેશ કરી અમો વાદીઓને અમારા જ ખેતરોમાં ખેતી કરતા અને ઉપજ નીપજ લેતા અટકાવતા હોઈ નાછુટકે આપ નામ. કોર્ટમાં કાયમી મનાઇહુકમ મેળવવા તથા પ્રત્યક્ષ કબજો મેળવવા માટે નામ. કોર્ટમાં આ દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે.

**(૧.૧)** વાદીઓએ દાવા અરજીમાં દાદ માંગેલ છે કે,

(અ) અમો વાદીઓ મોજે કોટડાગઢી ગામની સીમમાં (૧) સર્વે નં.૧૦૧ હે.આરે.ચોમી. ૦–૦૩–૦૭ જે ઘરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૨) સર્વે નં.૧૦૪ હે.આરે.ચોમી. ૨–૫૦–૨૬ જે બાવળવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૩) સર્વે નં.૧૮૮ હે.આરે.ચોમી. ૦–૪૫–૭૭ જે ડેગરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૪) સર્વે નં.૨૨૪ હે.આરે.ચોમી. ૦–૪૧–૭૩ જે રસ્તાવાળું ખેતર તરીકે ઓળખાય છે. આમ કુલ ૩–૪૦–૮૩ હે.આરે.ચોમી. ખેતીની જમીન અમોને વારસાઇથી મળેલ છે અને અમારા બાપદાદાના વખતથી ધરાવીએ છીએ અને અમો વાદીઓ તે તમામ ઉપરોકત સર્વે નંબરોવાળા ખેતરોના માલીક છીએ અને રેવન્યુ રેકર્ડમાં પણ વાદીઓના નામ ચાલે છે. જે તમામ જમીનોના અમો વાદીઓ માલીક હોઈ તે વાદગ્રસ્ત બધી ખેતીની જમીનમાં આ કામના પ્રતિવાદીઓ એકજુથ, એકસંપ થઇ ભેગા મળી અમો વાદીઓની વારસાઇ હકકથી મળેલ જમીનોમાં ગેરકાયદેસર પ્રવેશ કરી વાદીઓની સર્વે નંબર ૧૦૧, ૧૦૪, ૧૮૮, ૨૨૪ વાળી વાદગ્રસ્ત જમીનો ઉપર અડધા ભાગનો કબજો કરેલ હોય આ કામના પ્રતિવાદીઓ પાસેથી સર્વે નંબર ૧૦૧, ૧૦૪, ૧૮૮, ૨૨૪ ની અડધા ભાગનો કબજો પરત અપાવવાનો હુકમ કરવા તથા કાયમી મનાઇહુકમ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ આપશો.

(બ) અમો મોજે કોટડાગઢી ગામની સીમમાં (૧) સર્વે નં.૧૦૧ હે.આરે.ચોમી. ૦–૦૩–૦૭ જે ઘરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૨) સર્વે નં.૧૦૪ હે.આરે.ચોમી. ૨–૫૦–૨૬ જે બાવળવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૩) સર્વે નં.૧૮૮ હે.આરે.ચોમી. ૦–૪૫–૭૭ જે ડેગરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૪) સર્વે નં.૨૨૪ હે.આરે.ચોમી. ૦–૪૧–૭૩ જે રસ્તાવાળું ખેતર તરીકે ઓળખાય છે. આમ કુલ ૩–૪૦–૮૩ હે.આરે.ચોમી. ખેતીની જમીન અમોને વારસાઇથી મળેલ છે અને અમારા બાપદાદાના વખતથી ધરાવીએ છીએ અને અમો વાદીઓ તે તમામ ઉપરોકત સર્વે નંબરોવાળા ખેતરોના માલીક છીએ અને રેવન્યુ રેકર્ડમાં પણ વાદીઓના નામ ચાલે છે જે તમામ જમીનોના અમો વાદીઓ માલીક હોઇ આ તમામ ખેતીની જમીનોના અડધા ભાગની જમીનોનો અમો વાદીઓને પ્રત્યક્ષ કબજો સોંપ્યા બાદ આ તમામ પ્રતિવાદીઓ જાતે તથા તેમના મળતીયાઓ, એજન્ટ, નોકરચાકર, એસાઇનો વાદગ્રસ્ત ખેતરોમાં ખેતી કરે કરાવે નહી કે તેની ઉપજનીપજ લે લેવડાવે નહી કે અમો વાદીઓને ઉપજનીપજ લેતા રોકે રોકાવે નહી કે ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી અને અમો વાદીઓને ઉપરોકત તમામ વાદગ્રસ્ત અડધા ભાગની જમીનોમાં ખેતી કરતા રોકે રોકાવે નહી તેવો કાયમી મનાઇહુકમ વાદીઓના લાભમાં તથા આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ અપાવો તથા આ કામના પ્રતિવાદીઓનો વાદગ્રસ્ત અડધા ભાગની જમીનોમાં કોઇ લાગભાગ, હકક, હિત કે હિસ્સો કે અધીકાર નથી અને તમામ વાદગ્રસ્ત જમીન વાદીઓની માલીકીની છે તેવું ઠરાવો.

(ક) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવો.

(ડ) આ દાવાને આનુષાંગીક યોગ્ય અને જરૂરી લાગે તેવી બીજી અન્ય દાદ અપાવો.

**(૨)** આ કામના પ્રતિવાદીઓને સમન્સ અને નોટીસ કવામાં આવતા જે ધોરણસર બજી ગયેલ. ત્યાર બાદ પ્રતિવાદીઓ હાજર થઇ આંક–૨૦ થી દાવા અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીઓએ વાદીઓના દાવાની હકીકતોનો મહદઅંશે ઇન્કાર કરી ખરી હકીકતે જણાવેલ

છે કે, આ કામના પ્રતિવાદીઓ સદર વાદગ્રસ્ત જમીનમાં વર્ષોથી ખેતી કરતા આવેલ છે. સદર વાદગ્રસ્ત જમીનમાં અમારો વર્ષોથી શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો રહેલો છે અને ખેતી કરી ઉપજ નીપજ મેળવીએ છીએ. સદર જમીનમાં વાદીઓનો કોઇ જ લાગ, ભાગ, હકક, હિસ્સો નથી કે તેઓ કયારેય ખેતી કરવા આવેલ નથી. સદર દાવા તથા મનાઇઅરજીમાં સદર કામના વાદીઓ વાદગ્રસ્ત જમીનમાં ખેતી કરતા હોય તેવો કોઇ જગ્યાએ ઉલ્લેખ નથી. માત્ર રેવન્યુ રેકર્ડમાં નામ હોવા માત્રથી જમીનના માલીક બની જવાતું નથી. જેથી પણ વાદીઓની દાવા અરજી તથ મનાઇઅરજી રદ થવા પાત્ર છે. સદર દાવો ફકત કાયમી મનાઇહુકમ તથા કબજા માટેનો કરેલ છે તેમાં જાહેરાતનો ઉલ્લેખ નથી તે જાહેરાત અંગેની દાદ વાદીઓ મેળવવા હકકદાર ન હોઇ જેથી પણ તેઓનો દાવો ખર્ચ સહીત રદ થવા પાત્ર છે. સદર દાવાવાળી વાદગ્રસ્ત જમીનના અડધા ભાગમાં વાદીઓ ખેતી કરતા હોય તેવા કોઇ જ પુરાવા ઉપજ નીપજ મેળવતા હોય તેવા કોઇ પુરાવા આ કામે વાદીઓએ રજુ રાખેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો તેમજ અમોએ રજુ કરેલ તમામ પુરાવા વિગેરે ધ્યાને લઇ આ કામના વાદીઓનો દાવો તથા મનાઇઅરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદીઓએ આંક–૨૧ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં વાદીઓ પોતાની દાવા અરજીની હકીકતોને વળગી રહેલ છે અને પ્રતિવાદીઓએ રજુ કરેલ તેમનો જવાબ વાદીઓ કબુલ મંજુર રાખતા નથી તેવું જણાવેલ છે. વાદીઓનો પ્રાયમાફેસી કેસ હોઇ દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ આપવા અરજ કરેલ છે.

(૪) **<u>વાદીઓ તરફે પુરાવો</u> :–**

આ કામે વાદીઓ તરફે હાલના કામે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

## :: મૌખિક પુરાવા ::

(૧) આંક–૨૬ વાદી નં.૪ ગમાર મીરખાનભાઇ અનાભાઇનું સરતપાસનું સોગંદનામું

## :: દસ્તાવેજી પુરાવા ::

(૧) આંક–૩૩ સર્વે નં.૧૦૧ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા
(૨) આંક–૩૪ સર્વે નં.૧૦૪ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા
(૩) આંક–૩૫ સર્વે નં.૧૮૮ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા
(૪) આંક–૩૬ સર્વે નં.૨૨૪ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા
(૫) આંક–૩૭ વિગોટી ભર્યાની પહોંચ નં.૧૪૨, ૨૮, ૮૨, ૪ અસલ
(૬) આંક–૩૮ વિગોટી ભર્યાની પહોંચ નં.૧૫૩, ૨૫, ૫૦ અસલ
(૭) આંક–૩૯ વિગોટી ભર્યાની પહોંચ નં.૫૪, ૨૭, ૬૯ અસલ
(૮) આંક–૪૦ પેઢીનામાની કંપેર કરેલ કોપી
(૯) આંક–૪૧ ગમાર અનાભાઇ દોલાભાઇનો મરણનો દાખલાની કંપેર કરેલ કોપી

(૫) સદરહુ કામે વાદીઓ તરફે આંક–૪૫ થી પુરાવો પુરો થયા અંગેની કલોજીંગ પુરસીસ રજુ કરેલ છે.

ત્યાર બાદ સદરહું કામ પ્રતિવાદીઓના પુરાવા પર આવેલ છે. પરંતુ આ કામના પ્રતિવાદીઓ હાજર રહેલ નહી અને તેઓના વિ.વ.શ્રી દ્વારા આંક–૪૬ થી વકીલ તરીકે છુટા થવા માટેની પુરસીસ આપેલ છે. ત્યાર બાદ આ કામના પ્રતિવાદીઓને દાવામાં જણાવેલ સરનામે વારંવાર નોટીસ કરવામાં આવેલ છે જે નોટીસ આ કામના પ્રતિવાદીઓએ પોતાનું સરનામું બદલીને કોટડા છાવણી (રાજસ્થાન) બાજુ રહેતા હોવાનું શેરા સાથે પરત આવેલ છે. આમ આ કામના પ્રતિવાદીઓને દાવામાં જણાવેલ સરનામે વારંવાર નોટીસ કરવા છતા મળી આવેલ નથી કે, અત્રેની કોર્ટમાં હાજર થઇ આ કામના પ્રતિવાદીઓએ કે પ્રતિવાદીઓના વ.શ્રીએ નવુ કોઇ સરનામું રજુ કરેલ નથી. વધુમાં સદર કામે કોર્ટોનું પ્રોસીંડીગ ઓનલાઇન થઇ ગયેલ છે

ત્યારે અને પક્ષકારો ઘરે જાતે જ પોતાના કેસની તારીખ અને સ્ટેજ સહેલાઇથી જોઇ શકે છે ત્યારે અને આ કામના પ્રતિ વાદીઓને જયારે દાવામાં દર્શાવેલ સરનામા એક વખત સમન્સ/નોટીસ કરવામાં આવેલ છે અને તે બજી ગયેલ છે અને ત્યારબાદ પોતાનું સરનામું બદલીને જતા રહેલ છે ત્યારે અને જસ્ટીસ કલોક પ્રમાણે ભારતની નીચલી અદાલતમાં ૪ કરોડ જેટલા કેસો પેન્ડીંગ છે ત્યારે આ કામના પ્રતિવાદીઓને વધુ તક આપવી હિતાવહ લાગતી ન હોઇ ત્યારે વાદીઓ તરફે આંક-૪૯ થી પ્રતિવાદીઓના પુરાવાનો હકક બંધ કરવાની અરજી મંજુર કરી પ્રતિવાદીઓનો પહેલા પુરાવાનો અને ત્યાર બાદ દલીલનો અધિકાર બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૬)** હાલના દાવાના કામે રજુ થયેલ પક્ષનિવેદનો ધ્યાને લેતાં ન્યાય નિર્ણય સારૂ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક-૨૨ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, મોજે કોટડાગઢી ગામની સીમમાં (૧) સર્વે નં.૧૦૧ હે.આરે.ચોમી. ૦-૦૩-૦૭ જે ઘરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૨) સર્વે નં.૧૦૪ હે.આરે.ચોમી. ૨-૫૦-૨૬ જે બાવળવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૩) સર્વે નં.૧૮૮ હે.આરે.ચોમી. ૦-૪૫-૭૭ જે ડેગરવાળું ખેતર તરીકે ઓળખાય છે. (૪) સર્વે નં.૨૨૪ હે.આરે.ચોમી. ૦-૪૧-૭૩ જે રસ્તાવાળું ખેતર તરીકે ઓળખાય છે જે કુલ ૩-૪૦-૮૩ હે.આરે.ચોમી. ખેતીની જમીન વારસાઇથી મળેલ છે અને પોતાના બાપદાદાના વખતથી ખેતરોના માલીક છે ?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓએ વાદગ્રસ્ત સર્વે નંબરો વાળી ખેતરોની અડધા ભાગની જમીનો પડાવી લઇ કબજો કરેલ છે અને સર્વે નં.૧૦૧ માં ઘર બનાવી તેમાં પ્રતિવાદીઓ રહે છે અને કુવો પણ પડાવી લીધેલ છે ?

(૩) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત જમીનમાં વર્ષોથી ખેતી કરવા આવેલ છે અને શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો કરી ઉપજ નીપજ મેળવે છે ?

(૪) શું વાદીઓ દાવા અરજીના પેરા-૯(અ)(બ)(ક) માં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ અને હુકમનામું ?

**(૭)** સદર કામે પક્ષકારો તરફે રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતાં ઉપસ્થીત થયેલ મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) નકારમાં

(૫) આખરી હુકમ મુજબ

**:: દલીલો ::**

**(૮)** આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો નીચે મુજબ છે.

**<u>વાદી તરફે દલીલો :-</u>**

આ કામે વાદીઓ તરફે વિ.વ.શ્રીએ મૌખીક દલીલો રજુ કરેલ છે. જે ધ્યાને લીધી.

**(૯)** ઉપરોકત મુદાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**(૧૦)** આ કામે ઘડવામાં આવેલ મુદ્દાઓ અન્વયે પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી જણાતી હોઇ, ન્યાયીક સરળતા ખાતર તેને નીચે મુજબ રજુ રાખેલ છે.

કલમ–૧૦૧ : સાબિતીનો બોજો :–

***''જો કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તીત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયલય ફેસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તીત્વમાં છે.***

***કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તીત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, અમે કહેવાય.''***

આમ, જે વ્યકિત પોતાની તરફેણમાં હુકમ મેળવવા માંગતી હોય અને તે જે વસ્તુ ઉપર આધાર રાખતા હોય ત્યારે તે વ્યકિતએ તેને સાબિત કરવી જોઈએ. જો વાદી આવી હકીકત પુરાવાથી પુરવાર કરી શકે તો તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે. તેવી જ રીતે મેકસીમ જોઈએ તો ''Affirmati nonneganti incombit probatio" અર્થાત – જે વ્યકિત જે હકીકતો ઉપર આધાર રાખતી હોય તેનો પુરાવાનો બોજો તેના ઉપર રહેલો છે. અને જયારે બન્નેમાંથી એકપણ પક્ષકાર દ્બારા પુરતો પુરાવો આપવામાં આવેલ ન હોઈ ત્યારે રેકર્ડ ઉપર આવેલ પુરાવાના આધારે ન્યાયીક નિર્ણય કરવાનો હોય છે.

**(૧૦.૧)** નામદાર સર્વોચ્ચ અદાલતે **પૂનમ રામ વિરૂધ્ધ મૈચત મોતિરામના વારસો** કે જેના **સીવીલ અપીલ નં.૪૫૨૭/૨૦૦૯** ના કામે નીચે મુજબનો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

**"17. The plaintiff has to prove his case to the satisfaction of the Court. He cannot succeed on the weakness of the case of the defendant."**

**(૧૦.૨) નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરૂધ્ધ નોમિસિંઘ અને બીજાઓ** કે જેનો **સીવીલ અપીલ નં.૩૦૫૦/૨૦૧૫** ના કામે નીચે મુજબનો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

"It is settled principle of law that in respect of relief claimed by a plaintiff, he has to stand on his own legs by proving his case. On

perusal of the impugned order passed by the High Court, this Court finds that the High Court has wrongly shifted burden of proof on the defendants."

આમ, ઉપરોકત રજુ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લેતાં દિવાની કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, દિવાની દાવામાં પુરાવાઓનું મુલ્યાંકન કરતી વખતે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત ઉપર આધાર રાખવાનો છે. ઉપરોકત ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો, કેસમાં રજુ પુરાવા તથા વાદી ધ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લઇ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે તો મુદા નં.૧ સાબિત કરવાની જવાબદારી વાદીની છે અને તે સારૂ વાદીએ આંક–૩૩ થી સર્વે નં.૧૦૧ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. આંક–૩૪ થી સર્વે નં.૧૦૪ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. આંક–૩૫ થી સર્વે નં.૧૮૮ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. આંક–૩૬ થી સર્વે નં.૨૨૪ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. આંક–૩૭ થી વાદીએ વાદવાળી જમીન વિગોટી ભર્યાની પહોંચ નં.૧૪૨, ૨૮, ૮૨ અને ૪ રજુ કરેલ છે. આંક–૩૮ થી વાદીએ વાદવાળી જમીન વિગોટી ભર્યાની પહોંચ નં.૧૫૩, ૨૫ અને ૫૦ રજુ કરેલ છે. આંક–૩૯ થી વાદીએ વાદવાળી જમીન વિગોટી ભર્યાની પહોંચ નં.૫૪, ૨૭ અને ૫૯ રજુ કરેલ છે. આંક–૪૦ થી પેઢીનામાની કોપી રજુ કરેલ છે અને આંક–૪૧ થી ગમાર અનાભાઇ દોલાભાઇના મરણના દાખલાની ઝેરોક્ષ કોપી રજુ કરેલ છે અને સદરહુ પોતાની દાવા અરજીના સમર્થનમાં આંક–૨૬ થી વાદીનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તે ધ્વારા વાદી પોતાની દાવા અરજીને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે, પરંતુ સદરહુ વાદીની પ્રતિવાદી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ કબુલ રાખેલ છે કે, અનાભાઇ મારા પિતા થાય છે જેઓ મરણ ગયેલ છે. દોલાભાઇ મારા દાદા થાય છે. કાળાભાઈ મારા પરદાદા થાય છે. વધુમાં તેઓ કાળાભાઇના પિતાનું નામ વજાભાઇ હતું કે કેમ તેની હાલમાં ખબર નથી તેમ

જણાવે છે અને ખલાભાઇ એ કાળાભાઇના દિકરા હતા એ વાતનો ઈન્કાર કરે છે. વધુમાં વાદી એ વાતનો પણ ઈન્કાર કરે છે કે, શાંતીભાઇ ખલાભાઇ મારા પિતાના કાકા થાય છે અને અમો તથા પ્રતિવાદીઓ કુંટુંબી ભાઇઓ છીએ. વધુમાં વાદી કબુલ રાખેલ છે કે મે હાલનો દાવો કોટડા ગઢી ખાતે આવેલ જમીનનો કરેલ છે. જેના સર્વે નંબર હાલમાં ખબર નથી. વધુમાં તેઓએ કબુલ રાખેલ છે કે, દાવાવાળી જમીન મારા પિતાએ ખરીદેલ નથી, પરંતુ વડીલોપાર્જીત જમીન છે અને આ જમીન અમારા નામે કયારે થઇ તેનો કોઇ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. વધુમાં વાદીએ કબુલ રાખેલ છે કે, દાવાવાળી જમીન અમોની વડીલોપાર્જીત હોવાની અને વારસાઇથી મળેલ હોવા બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી અને વાદીએ જણાવેલ છે કે, હું વારસાઇ બાબતેના અને વડીલોપાર્જીત જમીન હોવા બાબતેના દસ્તાવેજો રજુ કરવા તૈયાર છું અને ત્યાર પછી સદરહુ દસ્તાવેજો રજુ કરવા સારૂ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા સદરહુ કામ મુલત્વી રાખવામાં આવેલ છે અને ત્યાર બાદ આ કામના વાદી કયારેય ઉલટતપાસ માટે ઉપસ્થીત થયેલ નથી કે તેઓએ આવો કોઇ દસ્તાવેજ રજુ કરેલ નથી અને ત્યાર બાદ તા.૪/૧૦/૨૦૨૩ ના રોજ વાદીએ આંક-૪૫ થી કલોજીંગ પુરસીસ આપી પોતાનો પુરાવાનો અધિકાર બંધ કરેલ છે. ત્યારે આ હકીકત જોતાં વાદી પોતે ઉલટતપાસ માટે ઉપસ્થીત રહેલ નથી ત્યારે પ્રતિવાદીને વાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી તક મળેલ નથી ત્યારે વાદીની જુબાની પ્રતિવાદીના ઉલટતપાસના એરણેથી પસાર થયેલ ન કહેવાય અને જયારે પ્રતિવાદીને વાદીની પુરતી ઉલટતપાસ કરવાની તક મળેલ ના હોય ત્યારે વાદીના તેવા પુરાવા ઉપર પુરતો વિશ્વાસ રાખી શકાય નહી. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ મુજબ પોતાનો કેસ સાબિત કરવાની જવાબદારી વાદીના શીરે રહે છે અને તે કેમ એ કરીને ઓછી થતી નથી. હાલના હાથ ઉપરના કેસની વિગત જોવામાં આવે તો આ કામે વાદીએ આંક-૩૩ થી આંક-૩૬ સુધી જુદા જુદા સર્વે નંબરના ગામ નમુના નં.૭ તથા ૧૨ ના ઉતારા રજુ કરેલ છે તે જોતાં તેમાં નોંધ નં.૯૯૮ ના આધારે હાલના વાદીઓના નામ ચઢેલ છે. ત્યારે પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટ તપાસમાં

બચાવ લીધેલ છે કે સદરહુ દાવાવાળી મિલકત એ વડીલોપાર્જીત મિલકત છે અને તેમાં અમો પ્રતિવાદીઓનો પણ હિસ્સો છે અને સદરહુ મિલકત પૈકી અમારા હિસ્સે આવેલ છે ત્યારે અને જયારે વાદી પોતે પોતાની ઉલટતપાસ દરમ્યાન દાવાવાળી મિલકતએ તેઓના પિતાએ ખરીદેલ નથી અને સદરહુ મિલકત વડીલોપાર્જીત હોઈ અને તેઓને વારસાઈથી મળેલ હોવાનું જણાવી તેઓ સદરહુ મિલકત વારસાઈથી તેઓને મળેલ અને સદરહુ મિલકત વડીલોપાર્જીત જમીન છે તે બતાવવા તેઓ દસ્તાવેજો રજુ કરવા તૈયાર છે તેમ જણાવેલ છે, પરંતુ ત્યાર પછી વાદી ધ્વારા આવા કોઈ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ નથી. ત્યારે ભારતીય પુરાવા અધિનિયમ મુજબ જે વ્યકિત દસ્તાવેજ રજુ કરવા માટે સંમત થયેલો હોય અને પછી દસ્તાવેજ રજુ ના કરે તો તેના વિરૂધ્ધનું અનુમાન થઈ શકે છે. હાલના કેસમાં પણ વાદી સદર કામે આવો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી કે તેના લગતો અન્ય કોઈ પુરાવો આપેલ નથી. ત્યારે પ્રતિવાદી તરફે જવાબમાં લેવામાં આવેલ બચાવ ન માનવાને કોઈ કારણ નથી કે રેવન્યુ રેકર્ડએ માલીકીનો કોઈ પુરાવો નથી. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ સદરહુ વાદવાળી મિલકત આ કામના વાદીને વારસાઈથી મળેલ છે અને તેઓ બાપદાદાના વખતથી સદરહુ દાવાવાળી મિલકતના માલીક છે તે સાબિત કરવામાં વાદીપક્ષ નિષ્ફળ રહેલ હોઈ **મુદા નં.૧** નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે.

**(૧૧)** વધુમાં મુદા નં.ર સાબિત કરવાની જવાબદારી પણ વાદીના શીરે રહેલ છે. પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામના વાદીઓ સદરહુ દાવાવાળી મિલકત તેઓને વારસાઈ હકકે મળેલ હોવાનું અને બાપદાદાના વખતથી તે સદરહુ દાવાવાળી મિલકતના માલીક હોવાની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે ત્યારે પ્રતિવાદીઓએ વાદગ્રસ્ત સર્વે નંબરો વાળી ખેતરોની અડધા ભાગની જમીનો પડાવી લઈ કબજો કરેલ છે અને સર્વે નં.૧૦૧ માં ઘર બનાવી તેમાં પ્રતિવાદીઓ રહે છે અને કુવો પણ પડાવી લીધેલ છે તેવું માની શકાય નહી. આમ, મુદા નં.ર પણ સાબિત કરવામાં વાદી નિષ્ફળ રહેલ હોય **મુદા નં.ર** નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે.

**(૧૨)** વધુમાં સદર કામે મુદ્દા નં.૩ સાબિત કરવાની જવાબદારી આ કામના પ્રતિવાદીઓના શીરે રહેલ છે. પરંતુ આ કામના પ્રતિવાદીઓ હાજર રહી મુદ્દા નં.૩ સાબિત કરવા સારૂ કોઇ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ જોતાં જો પ્રતિવાદીઓ તેમ કહેતા હોય કે તેઓ સદરહુ દાવાવાળી મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી અને સદરહુ દાવાવાળી મિલકતમાંથી ઉપજ નિપજ મેળવેલ છે તે સાબિત કરવાની જવાબદારી આ કામના પ્રતિવાદીઓની રહે છે અને તે કેમે કરીને ઓછી થતી નથી. ત્યારે ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામના પ્રતિવાદીઓ મુદ્દા નં.૩ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય **મુદ્દા નં.૩** નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે.

**(૧૩)** આ કામના વાદીઓ ઉપર કરેલ ચર્ચા મુજબ મુદ્દા નં.૧ અને ૨ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં.૪ મુજબની દાદ મેળવવા હકકદાર ન હોય મુદ્દા નં.૪ નો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં.૫ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આથી વાદીનો દાવો **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બંને પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા. **૧૦** મી, માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.** ૧૦/૦૪/૨૦૨૬
**સ્થળ :** પોશીના

(**હરસિધ્ધકુમાર કે. સન્યાલ**)
પ્રિન્સિપાલ સીવીલ જજ, પોશીના
જજ કોડ નં.જીજે૦૧૪૬૬

//A.B.K.//